Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ કલીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :07• Date : 06-06-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ મૂર્મુને સુપરત કર્યુ રાજીનામું

## નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામુ આપ્યું



### ૮ જૂને લઈ શકે છે દેશના ત્રીજા વડાપ્રધાન તરીકે શપથ

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મને પોતાનું રાજનામું સુપરત કર્યું છે. લોકસભાનું વિસર્જન થાય છે ત્યારે વડાપ્રધાને તેમના પદ પરથી રાજીનામું આપવું પડે છે. આજે સવારે જ મોદી કેબિનેટે ૧૭મી લોકસભા ભંગ કરવાની ભલામણ કરી હતી. ઉલ્લેખનીય છે કે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળા નેશનલ ડેમોક્રેટિક એલાયન્સે ત્રીજી વખત બહુમતી પ્રાપ્ત કરી લીધી છે. એનડીએ ગઠબંધને લોકસભા ચૂંટણીમાં ૨૯૨ બેઠકો પર જીત પ્રાપ્ત કરી છે. જોકે બીજેપી એકલા હાલ હાથે બહુમતી માટે જરૂરી આંકડાને પાર કરી શકી નથી અને તેણે ૨૪૦ સીટથી જ સંતોષ માનવો પડ્યો છે. બીજી તરફ વિપક્ષના ઈન્ડિયા એલાયન્સે ૨૩૪ સીટો પર વિજય પ્રાપ્ત કર્યો છે.

પરિણામોના બીજા જ દિવસે એટલે કે આજે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું છે. તેઓ બુધવારે બપોરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળવા માટે રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના મંત્રી પરિષદનું રાજીનામું પણ સુપરત કર્યું. રાષ્ટ્રપતિએ તેમનું રાજીનામું સ્વીકાર્યું અને નવી સરકારની રચના સુધી વડા પ્રધાન અને કેન્દ્રીય મંત્રી પરિષદને તેમના પદ પર ચાલુ રાખવા વિનંતી કરી. લોકસભા ચૂંટણીમાં એનડીએને બહુમતી મળી છે અને ત્રીજી વખત સત્તા બનવા જઈ રહી છે. નવી સરકારની શપથ ગ્રહણની તારીખ અને સમય પણ નક્કી થઈ ગયો છે. સૂત્રોનું કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો શપથ ગ્રહણ સમારંભ ૮ જૂને સાંજે થાય તેવી શક્યતા છે. તેને લઈને તૈયારીઓ કઈ રીતે કરવી તેની પર ચર્ચા વિચારણ શરૂ થઈ ગઈ છે. નવા મંત્રી મંડળમાં ચેહરાઓને લઈને સહયોગી દળો સાથે વાતચીત અને બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે. એવું કહેવાઈ રહ્યું છે કે બે-ત્રણ દિવસમાં નામોને ફાઈનલ કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણી ૨૦૨૪માં બીજેપીના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને ૨૯૨ સીટો મળી છે. જો કે ભાજપ પોતાના દમ પર બહુમતીનો આંકડો સ્પર્શી શકી નથી. આવી સ્થિતિમાં કેન્દ્રમાં સત્તા કબજે કરવા માટે ભાજપે સાથી પક્ષોનો સહારો લેવો પડશે. આમાં તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ના વડા ચંદ્રબાબુ નાયડુ અને બિહારના મુખ્યમંત્રી તેમજ જનતા દળ યુનાઈટેડના વડા નીતિશ કુમાર મહત્વની ભૂમિકા ભજવશે તેવું માનવામાં આવે છે.

### ડેપ્યુટી સીએમ પદથી મુક્ત કરવા કરી વિનંતી

## દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રમાં ભાજપની હારની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી



મુંબઈ

લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થતા જ મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે હલચલ જોવા મળી રહી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં ભાજપની હારની સંપૂર્ણ જવાબદારી લીધી છે. એટલું જ નહીં રાજ્યમાં પાર્ટીની હારની જવાબદારી લેતા તેમણે પાર્ટીના વરિષ્ઠ નેતાઓને મહારાષ્ટ્ર સરકારની જવાબદારીમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, 'રાજ્યમાં એનડીએને જે બેકઅપ મળ્યું છે તેની સંપૂર્ણ જવાબદારી હું લઉં છું. હું આ હારની જવાબદારી લઉં છું. હું ભાજપના વરિષ્ઠ નેતાઓને વિનંતી કરીશ કે મને સરકારની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવે.''

સરકારી જવાબદારીઓ માંથી મુક્ત થવાની ઈચ્છા વ્યક્ત કરતા દેવેન્દ્ર ફડણવીસે વધુમાં કહ્યું કે, ''મને પાર્ટી સંગઠનની જવાબદારી સોંપવામાં આવે. મહારાષ્ટ્રમાં ભવિષ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે.

હું સરકાર સાથે રહીશ અને માર્ગદર્શન કરતો રહીશ. હું સરકારમાં રહેવાને બદલે રાજ્યમાં પાર્ટીની મજબૂતી માટે કામ કરવા માંગુ છું.''

## અરવિંદ કેજરીવાલની વચગાળાની જામીન અરજીને ફગાવી દેવાઈ



નવી દિલ્હી

દિલ્હીની લિકર પોલિસી અને તેનાથી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાઉઝ એવન્યુ કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે અરવિંદ કેજરીવાલની સ્વાસ્થ્યના કારણોસર દાખલ કરવામાં આવેલી વચગાળાની જામીન અરજી ફગાવી દીધી છે. સ્વાસ્થ્યને ટાંકીને કેજરીવાલે તપાસ માટે સાત દિવસના વચગાળાના જામીન માંગ્યા હતા. કેજરીવાલના વચગાળાના જામીનનો વિરોધ કરતી વખતે તપાસ એજન્સી EDએ કહ્યું હતું કે કેજરીવાલ કોર્ટને ગેરમાર્ગે દોરી રહ્યા છે. EDનો આરોપ છે કે સતત પ્રચાર કરી રહેલા કેજરીવાલની તબિયત જ્યારે સરેન્ડર કરવાનો સમય આવ્યો ત્યારે બગડી હતી. બંને પક્ષોને સાંભળ્યા બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો જે આજે બુધવારે સંભળાવવામાં આવ્યો હતો. બુધવારે કેજરીવાલ તેમની અરજી પર નિર્ણય સાંભળવા માટે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં હાજર થયા હતા. ચુકાદો આપતી વખતે રાઉઝ એવન્યુ કોર્ટે અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૧૪ દિવસ વધારી દીધી છે, એટલે કે હવે કેજરીવાલને ૧૯ જૂન સુધી જેલમાં રહેવું પડશે. કોર્ટે સંબંધિત અધિકારીઓને જરૂરી મેડિકલ ટેસ્ટ કરાવવાના નિર્દેશ આપ્યા છે. વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ તિહાર જેલના અધિકારીઓને ન્યાયિક કસ્ટડીમાં કેજરીવાલની તબીબી જરૂરિયાતોનું ધ્યાન રાખવાનો નિર્દેશ આપ્યો છે.

હવે કેજરીવાલના વકીલોએ સંકેત આપ્યા છે કે સ્પેશિયલ કોર્ટના આદેશને ટૂંક સમયમાં દિલ્હી હાઈકોર્ટમાં પડકારવામાં આવશે. વિશેષ અદાલતના નિર્ણયનો અભ્યાસ કર્યા બાદ અરજી દાખલ કરવામાં આવશે.

નોંધનીય છે કે કેજરીવાલને ૫૫ દિવસ બાદ ૧૦ મેના રોજ વચગાળાના જામીન મળ્યા હતા. આ પછી તે લોકસભા ચૂંટણીના પ્રચાર માટે તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. ૨૧ માર્ચે તેમની ધરપકડ બાદ તે ૧૦ દિવસ સુધી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની કસ્ટડીમાં હતા. આ પછી ૧ એપ્રિલે કોર્ટે તેમને ન્યાયિક કસ્ટડીમાં તિહાર જેલમાં મોકલી દીધા હતા. તેઓ તિહારમાં ૩૯ દિવસ રહ્યા હતા પરંતુ વચગાળાના જામીન પૂર્ણ થયા બાદ તેઓ તિહાર જેલમાં ગયા અને ૨ જૂને આત્મસમર્પણ કર્યું હતું.

## તંત્રીની કલમે.................

# સરળ ભાષામાં લખાવવા જોઈએ કોર્ટના નિર્ણયો

સરળ અને સમજમાં આવી શકે તેવા કોર્ટના નિર્ણયોના અનેક વિકલ્પો છે. નિર્ણયોનો મુખ્ય આધાર કાનૂન છે, જે જટિલ હોવા સાથે અંગ્રેજી ભાષામાં છે. ભારે દસ્તાવેજ અને લાંબી સુનાવણી બાદ વિરોધાભાસી નિર્ણયોના કારણે કેસને સંલગદ્ધ સમય, ખર્ચ સહિતની બાબતો પર ભાર વધતો જાય છે.

મહાત્મા ગાંધીજીએ ૧૯૦૯માં કહ્યું હતું કે, ઉંચા પદો પર બેઠેલા લોકોની એકમાત્ર ચિંતા પદ પર ટકી રહેવાની હોય છે. જેના કારણે તેઓ ન્યાય પ્રત્યે ઓછો રસ દાખવે છે. અંગ્રેજી શાસન ખત્મ થયા બાદ અનેક દસકાઓ બાદ ૨૧મી સદીમાં પણ વધુ બદલાવ થયો નથી. સંવિધાનમાં ગાંધીજીના આદર્શોનું અનુમોદન કરતા મુખ્ય ન્યાયાધીશ ડીવાઈ ચંદ્રચુડે કહયું હતું કે, ન્યાયાધીશ રાજકુમાર નથી. ન્યાયાધીશ લોકોની સેવા કરવા અને અધિકાર અપાવવા હોય છે. આથી તેઓ સાચા અને સમજવા યોગ્ય નિર્ણય લખવાની જવાબદારીથી બચી ન શકે. અશિક્ષિત લોકો વાંચી શકતા નથી પરંતુ મોટાભાગના શિક્ષિત લોકો માટે પણ કોર્ટના નિર્ણયો સમજવા મુશ્કેલ હોય છે. મુખ્ય ન્યાયાધીશના નિવેદનના ચાર મુખ્ય પાસાં પર ચર્ચા જરુરી છે.

પ્રથમ : ન્યાયાધીશ રાજકુમાર નથી હોતા : જિલ્લા અદાલતોમાં મેજીસ્ટ્રેટ અને ન્યાયાધીશોની નિયુકિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂથી થાય છે. પરંતુ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં ન્યાયાધીશની કોલેજિયમ દ્વારા નિયુકિત થાય છે. મોદી સરકારને જો ત્રીજો કાર્યકાળ મળશે તો ન્યાયાધીશોની નિયુકિત માટે ન્યાયિક આયોગના કાયદા નવેસરથી બનાવવાની કોશિશ થશે. નિયુકિત પ્રણાલીની સાથે સાથે ન્યાયાધીશોને હટાવવા માટે બનાવવામાં આવેલ મહાભિયોગ પ્રક્રિયાની પણ આલોચના થાય છે. સંવિધાન લાગુ થયાના ૭૪ વર્ષ બાદ હજી સુધી કોઈપણ ન્યાયાધીશને મહાભિયોગથી હટાવવામાં આવ્યા નથી. કેટલાય નિવૃત ન્યાયાધીશોએ ન્યાયિક વ્યવસ્થામાં સામંતવાદની આલોચના કરી છે.

દ્વિતિયઃ ન્યાયાધીશ લોકોની સેવા કરવા અને અધિકાર અપાવવા માટે હોય છે : આ મામલે સુપ્રિમ કોર્ટનો મહત્વનો નિર્ણય આવ્યો છે. જે અનુસાર વકીલોને ઉપભોકતા સંરક્ષણ કાયદાથી બહાર રાખવામાં આવ્યા છે.વર્ષ ૧૯૯૬માં આઈએમએ મામલામાં સુપ્રિમ કોર્ટે ડોકટરોને ઉપભોકતા સંરક્ષણ કાનૂનના દાયરામાં લાવવાનો નિર્ણય આપ્યોહતો. હવે તેની પર પુર્નવિચારની વાત થઈ રહી છે. વકીલોએ એ તર્ક આપ્યો હતો કે, કોર્ટ કેસમાં કલાયન્ટ અને વકીલો ઉપરાંત ન્યાયાધીશનો ત્રીજો પક્ષ સામેલ હોય છે. આથી ઉપભોકતા સંરક્ષણ કાનૂન અંતર્ગત વકીલોની જવાબદારી બનવી ન જોઈએ પરંતુ મુખ્ય ન્યાયાધીશે પોતાના નિવેદનમાં ન્યાયાધીશોને સર્વિસ પ્રદાતા બતાવ્યા હોવાથી અવઢવ વધી શકે છે. ખોટા અથવા વિલંબથી નિર્ણય આપનાર ન્યાયાધીશો વિરુદ્ધ અયોગ્યતા, ભ્રષ્ટાચાર અને સંવેદનહીનતાના આધાર પર વેતન વૃદ્ધિ કે પદ ઉન્નતિ રોકવાની કે બરખાસ્ત કરવા જેવા દંડાત્મક પ્રાવધાનોની માંગ વધી શકે છે.

તૃતિય : ન્યાયાધીશ લોકોને અધિકાર અપાવે છે : દિલ્હી શરાબ ગોટાળાના એક આરોપી અમનદીપ સિંહના મામલામાં સુપ્રીમ કોર્ટે નવા નિર્ણય અનુસાર જામીન અંગે ઝડપથી નિર્ણય ન આવવાથી લોકોને વિના કારણ જેલમાં રહેવું પડે છે. ન્યૂઝકિલકના મામલામાં સુપ્રીમ કોર્ટે પ્રબીર પુરકાયસ્થની ધરપકડને ગેરકાયદેસર ગણાવીને છૂટકારાનો નિર્ણય કર્યો હતો. જેઓને આઠ મહિના જેલમાં રહેવું પડયું હતું. તેમની ગેરકાયદે ધરપકડ અને સંવૈધાનિક અધિકારોના હનન માટે પોલીસ અને તપાસ એજન્સીઓની સાથે જિલ્લા અદાલતો અને હાઈકોર્ટના ન્યાયાધીશોની પણ જવાબદારી બને છે. પચાસ દિવસની કેદ બાદ અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીન આપ્યા હતા. આ નિર્ણયને ધ્યાને લઈને પંજાબ હાઈકોર્ટે કોંગ્રેસના એક નેતાને ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન આપ્યા હતા. પરંતુ સુનાવણી ફરીથી ટળવાનાક ારણે હેમંત સોરેનને ચૂંટણી પ્રચારનો હક મળી શકયો નહી. વચગાળાના જામીન પર સુપ્રીમ કોર્ટના નિર્ણયને સાચા ઉપાય તરીકે આગળ વધારવામાં આવે, તો હજારો લોકોને જેલના બંધનમાંથી મુકિત મળી શકે છે. શું જામીનની અરજી વગર વચગાળાના જમીન મળી શકે છે ? જો જેલમાં મત આપવાનો અધિકાર નથી તો ચૂંટણી પ્રચારનો સંવૈધાનિક અધિકાર કેવી રીતે મળી શકે? શું નેતાઓને સામાન્ય પ્રજાજનથી વધુ અધિકાર હાંસલ છે? આવા અનેક મામલાઓમાં ન્યાયિક એકરુપતા આવે, તો આરોપીને જિલ્લા અદાલતો અને હાઈકોર્ટમાંથી જામીન મળવામાં આસાની રહેશે. ચોથું : સરળ અને સમજી શકાય તેવા નિર્ણયોના અનેક વિકલ્પો છે : કોર્ટના નિર્ણયનો મુખ્ય આધાર કાયદો છે, જે જટિલ હોવાની સાથે અંગ્રેજી ભાષામાં છે. અનેક ન્યાયાધીશ કાનૂનથી વધુ વકીલના ચહેરા અને આરોપીની હૈસિયત અનુસાર નિર્ણય આપતા હોય છે. કેટલાક નિર્ણયોમાં વ્યકિતગત આગ્રહ પ્રભાવી હોય છે.

## સેન્સેક્સ ૨૩૦૦ અને નિફ્ટી ૭૦૦ પોઈન્ટ રહ્યા બંધ

# સેન્સેક્સ ૨૩૦૩ પોઈન્ટ વધી ૭૪,૩૮૨ ઉપર બંધ રહ્યો

## નિફ્ટી ૭૩૬ પોઈન્ટ વધીને ૨૨,૬૨૦ પર બંધ રહ્યો




મુંબઈ

NDA સરકારની રચનાની જાહેરાતને કારણે બજારે ફરી વેગ પકડ્યો, સેન્સેક્સ, નિફ્ટી ૩%થી વધુના ક્લોઝિંગ બેલ સાથે બંધ – ગઈકાલના ઘટાડા પછી, નીચલા સ્તરેથી ખરીદી જોવા મળી હતી. બીએસઈના તમામ સેક્ટર ઈન્ડાઈસિસમાં ખરીદારી જોવા મળી હતી. FMCG ઈન્ડેક્સમાં ૪% થી વધુનો વધારો જોવા મળ્યો હતો. ફાર્મા, એનર્જી ઈન્ડેક્સ લગભગ ૩% ના વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યા. સેન્સેક્સ ૨૩૦૩ પોઈન્ટ વધીને ૭૪,૩૮૨ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૭૩૬ પોઈન્ટ વધીને ૨૨,૬૨૦ પર બંધ રહ્યો હતો.લોકસભા ચૂંટણીની મતગણતરીના દિવસે જે રીતે વેચાણ થયું હતું, તેવી જ સ્થિતિ ૨૦૦૪ની લોકસભા ચૂંટણી વખતે પણ હતી. જ્યારે અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની એનડીએ ગઠબંધન સરકારનો પરાજય થયો હતો, તે સમયે શેરબજારમાં મોટા પાયે વેચવાલી થઈ હતી અને તે સ્થિતી ૪ જૂન, ૨૦૨૪ ના દિવસે બની.પરંતુ આજે શેરબજારમાં રિકવરી જોવા મળી રહી છે. તેનું મુખ્ય કારણ એ છે કે ભાજપના નેતૃત્વમાં એનડીએ ફરીથી સરકાર બનાવવા માટે લગભગ તૈયાર છે. માનવામાં આવે છે કે આંધ્રપ્રદેશમાંથી નીતિશ કુમારની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (JDU) અને ચંદ્રાબાબુ નાયડુની પાર્ટી તેલુગુ દેશમ પાર્ટી (TDP) સરકારને સમર્થન આપશે. આ કારણે મોદી સરકાર ફરી રિપીટ થશે અને નીતિઓમાં ઓછા ફેરફાર થશે. જે બજાર માટે સકારાત્મક સંકેત છે.આજે BSE સેન્સેક્સના ૩૦ શેર ગ્રીન સિગ્નલ સાથે બંધ થયા છે. ૭.૭૫% ના વધારા સાથે, ઈન્ડસઈન્ડ બેંકના શેર ટોપ ગેનર્સની યાદીમાં નંબર ૧ પર છે. આ સિવાય ટાટા સ્ટીલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ફાઈનાન્સ, કોટક મહિન્દ્રા બેંક, એક્સિસ બેંક, એચડીએફસી બેંક અને હિન્દુસ્તાન યુનિલિવરના શેરો ટોચના ગેઈનર હતા. આ તમામ શેર ૪ ટકાથી વધુના વધારા સાથે બંધ થયા છે. ટોપ લૂઝરની વાત કરીએ તો નિફ્ટી૫૦ પર માત્ર બે જ શેર લાલ નિશાનમાં બંધ થયા છે. પ્રથમ-લાર્સન એન્ડ ટુબ્રો, જે ૦.૧૦ ટકાના ઘટાડા સાથે બંધ થયો. બીજું, BPCL-જે ૦.૦૩ ટકાના ઘટાડા સાથે બંધ થયું. આજે સૌથી મોટો ઉછાળો નિફ્ટી૫૦ પર મેટલ શેરોમાં જોવા મળ્યો હતો.

## મુંબઈમાં વરસાદની એન્ટ્રી

# મુંબઈમાં વરસાદ પડતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

## ગુરુ તેઘ બહાદુર નગર રેલવે સ્ટેશન પાસેના વિસ્તારમાં વરસાદ



મુંબઈ

ચોમાસાની દસ્તક પહેલા મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની એન્ટ્રી થઈ છે. મુંબઈ સહિત આસપાસના વિસ્તારોમાં આજે વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે. ગુરુ તેઘ બહાદુર નગર રેલવે સ્ટેશન પાસેના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. જેને લઈ મુસાફરોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. સાથે જ દાદર અને માટુંગાની આસપાસના વિસ્તારોમાં પણ વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. તો આ તરફ હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૧૦ જૂન સુધીમાં મુબંઈ સહિત મહારાષ્ટ્રમાં ચોમાસુ બેસી શકે છે. જેને લઈ પ્રિ મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ચૂકી છે અને મુંબઈમાં વરસાદ વરસી રહ્યો છે.

દક્ષિણ પશ્ચિમ ચોમાસું કેરળથી આગળ વધીને ગોવા પહોંચ્યું છે. જ્યાંથી હવે ૧૦ જૂન સુધીમાં મહારાષ્ટ્ર પહોંચશે. જે બાદ ગુજરાતમાં ૧૪ જૂન સુધીમાં ચોમાસું બેસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. મુંબઈગરાઓને ટૂંક સમયમાં આકરી ગરમી અને તડકાથી રાહત મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગોવામાં ચોમાસું આવી ગયું છે અને આગામી ૪ થી ૫ દિવસમાં મુંબઈમાં પણ ચોમાસું બેસી જવાની શક્યતા છે. નવી મુંબઈમાં છેલ્લા બે દિવસથી પ્રિ મોન્સુન વરસાદ પડી રહ્યો છે, પરંતુ મુંબઈગરાઓને હજુ પણ કાળઝાળ ગરમીમાંથી રાહત મળી રહી નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મંગળવારે મુંબઈનું મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ ૬૦ ટકા અને રાત્રે ૬૮ ટકા નોંધાયું હતું. છેલ્લા ઘણા દિવસોથી તાપમાનનો આ જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેના કારણે લોકો ખૂબ જ પરેશાન છે, પરંતુ હવે ટૂંક સમયમાં ગરમીથી રાહત મળી શકે છે. પ્રાદેશિક હવામાન વિભાગના નિર્દેશક સુનીલ કાંબલેએ જણાવ્યું કે ગોવામાં ચોમાસું બેસી ગયું છે.

### સીએમએ લીલી ઝંડી બતાવી બસોનું પ્રસ્થાન કરાવ્યું

# મેટ્રોના બે મુખ્ય સ્ટેશન થલતેજ અને વસ્ત્રાલથી ફીડર બસ સેવા શરૂ

## થલતેજથી એસજી હાઇ-વેથી પશ્ચિમ તરફ બોપલ, શીલજ, ઘુમા, પ્રહલાદ નગર ઘાટલોડિયા બસ જશે




અમદાવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષમાં અમદાવાદ ખાતે વૃક્ષારોપણ કરીને **AMTS**ની ઈ-બસ અને પ્લાસ્ટિક ક્રશર મશીનનું લોકાર્પણ કર્યું હતું. મેટ્રો સ્ટેશનથી પોતાના વિસ્તારમાં સરળતાથી જઈ શકે તેના માટે હવે **AMTS** દ્વારા મેટ્રો ફીડર બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે. મેટ્રોના બે મુખ્ય સ્ટેશન થલતેજ અને વસ્ત્રાલથી ફીડર બસ સેવા શરૂ થઈ છે ત્યારે સાબરમતી રિવરફ્રન્ટના રૂટ પર પણ બસ શરૂ થઈ છે. આજે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા લીલી ઝંડી બતાવી બસોનું પ્રસ્થાન કરાવ્યું હતું. થલતેજ મેટ્રો સ્ટેશનથી એસજી હાઈ-વેથી પશ્ચિમ તરફ બોપલ, શીલજ, ઘુમા, પ્રહલાદ નગર ઘાટલોડિયા વિસ્તારમાં **AMTS** બસ જશે.

જયારે વસ્ત્રાલ મેટ્રો સ્ટેશનથી ઓઢવ, આદિનાથ નગર, સિંગરવા ગામ થઈ અને વસ્ત્રાલ પરત ફરશે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ઈ-વ્હીકલ્સના માધ્યમથી ગુજરાત જાહેર પરિવહનમાં ગ્રીન મોબિલિટીની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આજે કલાઈમેટ ચેન્જની અસરોનો સામનો આખું વિશ્વ કરી રહ્યું છે, ત્યારે મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવે અને પ્રત્યેક નાગરિક વૃક્ષારોપણના કામમાં જોડાય એ ખૂબ જરૂરી છે.

વડાપ્રધાન મોદીએ લોન્ચ કરેલ ‘મિશન લાઈફ’ પહેલ અંતર્ગત આપણે સૌ ઈકો-ફ્રેન્ડલી લાઈફસ્ટાઈલ અપનાવીએ તેવો ખાસ આગ્રહ કરું છું.

અમદાવાદમાં આજથી મેટ્રો સ્ટેશનના કનેક્ટિવિટી માટે થલતેજ મેટ્રો સ્ટેશનથી કુલ ૬ રૂટ પર સરકયુલર અને એન્ટી સરકયુલર રૂટની છ઼જી બસ સેવા શરૂ કરવામાં આવી છે.જ્યારે થલતેજથી સાઉથ બોપલની ૬૦ નંબર શટલ બસ રૂટ શરૂ કરાયો છે. થલતેજ મેટ્રો સ્ટેશનથી એસજી હાઈ-વે ના પશ્ચિમ તરફના બોપલ, હેબતપુર, શિલજ, ઘુમા, સિંધુભવન રોડ, વકીલ સાહેબ બ્રિજ તેમજ સોલા, ઘાટલોડિયા, ભૂયંગદેવ, ગુજરાત હાઈકોર્ટ, સાયોના સીટી, સતાધાર ચાર રસ્તા ગુલાબ ટાવર સહિતના વિસ્તારોમાં સરકયુલર અને એન્ટી સરકયુલર રૂટ પર બસ ફરશે. થલતેજથી સાઉથ બોપલ શટલ બોપલ વિસ્તારના નાગરિકો માટે જશે. તે ઉપરાંત પૂર્વ વિસ્તારના મેટ્રો સ્ટેશન વસ્ત્રાલથી બે રૂટ પર **AMTS** બસ જશે. જે માધવ ફાર્મ, આદિનાથ નગર, ઓઢવ, સિંગરવા, રણજીપુરા, નિરાંત ચોકડી થઈ પરત વસ્ત્રાલ ફરશે. વસ્ત્રાલ મેટ્રો સ્ટેશન માટે માત્ર બસો મૂકવામાં આવી છે. જ્યારે થલતેજ મેટ્રો સ્ટેશન રૂટ પર ૧૪ બસો મૂકવામાં આવી છે. જ્યારે સાબરમતી રિવરફ્રન્ટ રૂટ ઉપર વાસણાથી વાડજ પૂર્વ અને પશ્ચિમ એમ બંને તરફ માટે કુલ ૨ બસો મૂકવામાં આવી છે. થલતેજથી દર ૨૫ મિનિટે એક બસ મળશે. વસ્ત્રાલથી દર ૨૦ મિનિટે જ્યારે સાબરમતી રિવરફ્રન્ટ રૂટ પર ૧૫ મિનિટે બસ મળશે.

### રાજયના વાતાવરણમા આવ્યો પલટો

# મધ્ય ગુજરાત-દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી થઈ

## નવસારી જિલ્લાના વાતાવરણમાં અચાનક ઠંડક થવાની સાથે જિલ્લાની પૂર્વ પટ્ટીમાં વરસાદ થયો હતો

અમદાવાદ

દેશના રાજકીય વાતાવરણમાં આવેલા પલટા બાદ અચાનક ગુજરાતની આબોહવામાં એકદમ ઠંડક નોંધાઈ છે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આજે અચાનક રાજયના વાતાવરણમા પલટો આવ્યો છે, તેમણે કરેલી આગાહી મુજબ આજે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે. જેને સાથે આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસવાની સંભાવના જણાવવામાં આવી છે.

ઉપરાંત મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના શહેરોમાં વરસાદના હળવા ઝાપટા પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરી છે. દક્ષિણ ગુજરાતમાં પલટાયેલા વાતાવરણને કારણે નવસારી જિલ્લાના વાતાવરણમાં અચાનક ઠંડક થવાની સાથે જિલ્લાની પૂર્વ પટ્ટીમાં વરસાદ થયો છે. આ સાથે ગણદેવી બીલીમોરાના આસપાસ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થયો છે.

સુરત શહેરની વાત કરીએ તો સુરતમાં પણ વરસાદી માહોલ જામ્યો હોવાથી સુરતીલાલા પણ ખુશ મિજાજ થયા. વેડ રોડ,રિંગ રોડ,કતારગામ,વિસ્તારમાં વરસાદના અમી છાંટા પડ્યા છે. કાળા ડિબાંગ વાદળ સાથે વરસાદી વાતાવરણ છવાયું છે. વરસાદી છાંટા પડતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી છે.

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતના બીજા અનેક શહેરોમાં હળવા ઝાપટા પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરવાની સાથે ૮ અને ૯મી જૂને પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. બીજી તરફ અમદાવાદમાં બે દિવસ વાદળછાયું વાતાવરણ રહે તેવી શક્યતાઓ જણાવવામાં આવી છે.

આગાહી અનુસાર અમદાવાદ, અમરેલી, ગાંધીનગર, ખેડા, મહીસાગર, મહેસાણા, પાટણ, રાજકોટ, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે. બીજી તરફ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, છોટાઉદેપુર, મોરબી, નર્મદા, પંચમહાલ, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૩૯ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે. આ તરફ ભરુચ, ભાવનગર, દાહોદ, જુનાગઢ, કચ્છ સહિતના જિલ્લોમાં ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે.

# નિકોલમાં પાંચ શખ્સે યુવક અને તેના મિત્રનું અપહરણ કરીને માર માર્યો

અમદાવાદ

નિકોલમાં અમર જવાન સર્કલ પાસે ગાડી લે-વેચનો ધંધો કરતો યુવક અને તેના મિત્રને પાંચ શખ્સોએ અપહરણ કરીને ઢોર માર માર્યો છે. જૂના ઝઘડાની અદાવતમાં પાંચ શખ્સોએ યુવક અને તેના મિત્રને ગાડીમાં બેસાડી દીધા હતા. ત્યારબાદ વિશાલા નજીક આવેલા સુપ્રીમ કોમ્પલેક્ષની ઓફિસમાં લઈ જઈને યુવક અને તેના મિત્રને બાંધીને માર માર્યો હતો. આ ઉપરાંત યુવકના માથામાં ચપ્પાનો એક ઘા મારવામાં આવ્યો હતો. આ મામલે યુવક અને તેના મિત્રએ નિકોલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. નિકોલમાં ૧૯ વષીય યુવક પ્રદ્યુમનસિંહ સિકરવાર અભ્યાસ કરે છે અને મિત્રની સાથે ગાડી લે-વેચનો ધંધો કરીને પરિવારને મદદરૂપ બને છે. સોમવાર રાત્રે યુવક અને તેનો મિત્ર દુકાનની બહાર બેઠા હતા. આ સમયે તેની બાજુની દુકાનમાં પણ કાર ડિલરનો ધંધો કરતા ત્રણ શખ્સો સાથે યુવકના મિત્ર રાજ કાનાણીનો અગાઉ જૂનો ઝઘડો ચાલતો હતો. આ વાતની અદાવત રાખીને ત્રણ શખ્સો યુવક અને તેના મિત્રની દુકાન સામેથી ગાળો બોલતા પસાર થતા હતા. ગાળો કોને બોલે છે તેવું કહેતા ત્રણ શખ્સો યુવક અને તેના મિત્ર રાજ કાનાણીને મારામારી થઈ હતી. ત્રણ શખ્સો બંને યુવકને ગાડીમાં બેસાડીને વિશાલા પાસે આવેલા સુપ્રીમ કોમ્પલેક્ષમાં લઈ ગયા અને એક ઓફિસમાં બાંધી દીધા બાદ ઢોર માર મારવા લાગ્યા હતા. આ સમયે ફરિયાદી યુવકને માથામાં ચપ્પાનો એક ઘા પણ મારી દીધો હતો. ત્યારબાદ બંને યુવકોને પાર્કિંગમાં લઈ ગયા અને ત્યાં પણ માર માર્યો હતો. તકનો લાભ લઈને યુવકનો મિત્ર રાજ કાનાણી ફરાર થઈ ગયા બાદમાં પાંચ શખ્સો યુવકને સારવાર માટે હોસ્પિટલની બહાર મૂકીને જતા રહ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકે સારવાર લીધા બાદ નિકોલ પોલીસ સ્ટેશનમાં દિશુ ધામલિયા, રવિ અને શુભમ દસાડીયા, મૌલિક ગાબાણી તથા ઉર્વેશ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

### ક્ષત્રિયોનો પ્રચંડ વિરોધ પણ રૂપાલાના વિજયરથને રોકી ન શક્યો

# રાજકોટથી ભાજપના પરશોત્તમ રૂપાલાની જંગી લીડથી જીત



રાજકોટ

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ગુજરાતની સૌથી વધુ હોટ સ્પોટ અને ચર્ચાસ્પદ બેઠક રાજકોટથી આખરે ભાજપના પરશોત્તમ રૂપાલાની ૪ લાખથી વધુ મતોથી જીત થઈ છે. ગુજરાતની ૨૬ બેઠકો પૈકી રાજકોટ બેઠક આ વખતે સૌથી વધુ વિવાદમાં અને ચર્ચામાં રહી હતી. પરશોત્તમ રૂપાલાના એક કાર્યક્રમ દરમિયાન ક્ષત્રિયો વિશે કરેલા એક નિવેદન બાદ વિવાદ છેડાયો અને ક્ષત્રિયો નારાજ થઈ ગયા હતા. જે બાદ સમગ્ર રાજ્યમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિનું નિર્માણ થયુ હતુ. રાજ્યભરમાં રૂપાલા સામે વિરોધ શરૂ થયો હતો અને ભાજપ સામે રાજકોટથી ઉમેદવાર બદલવા માટે દબાણ કરવામાં આવ્યુ હતુ.

જો કે ભાજપે એકના બે ન થતા રાજકોટથી ઉમેદવાર બદલ્યા ન હતા. ત્યારે ક્ષત્રિય સંકલન સમિતિએ ભાજપ વિરોધી મતદાન કરવાનું મન બનાવ્યુ હતુ. આ તમામ ઘટનાક્રમ વચ્ચે રૂપાલા ૪ લાખથી વધુ લીડથી આગળ રહ્યા છે. રૂપાલાને ૭,૮૭,૬૬૦ મતોથી આગળ છે. જ્યારે કોંગ્રેસના પરેશ ધાનાણીને ૩૩૫૦૬૯ મત મળ્યા છે.

રાજકોટ બેઠક પરથી પરશોત્તમ રૂપાલા પ્રથમવાર લોકસભા ચૂંટણી લડ્યા છે. આ અગાઉ તેઓ ક્યારેય લોકસભાની ચૂંટણી લડ્યા નથી. તેઓ રાજ્યસભાના સાંસદ રહી ચુક્યા છે અને મત્સ્ય અને પશુપાલન મંત્રાલય સંભાળી રહ્યા છે. આ અગાઉ તેઓ અમરેલીથી ધારાસભ્ય પણ રહી ચુક્યા છે.

આ ચૂંટણીમાં પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય-રાજપૂત સમાજના પ્રચંડ વિરોધને જોતા કોંગ્રેસ ભારે આત્મવિશ્વાસમાં આવી ગઈ હતી અને જીતને લઈને ઘણી આશ્વસ્ત જણાતી હતી. કોંગ્રેસે પહેલેથી જ રાજકોટ બેઠક પરથી પરેશ ધાનાણીને ઉમેદવાર જાહેર કર્યા હતા. જો કે પરેશ ધાનાણીએ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી હતી. પરંતુ ક્ષત્રિયોના વિવાદ બાદ તેઓ રૂપાલા સામે ચૂંટણી લડવા તૈયાર થઈ ગયા હતા. ક્ષત્રિયોએ પણ કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવાનુ નક્કી કર્યુ હતુ. પરંતુ એ વિરોધ રૂપાલાની જીતના વિજયરથને રોકી શક્યો નથી. છેલ્લી બે ટર્મની વાત કરીએ તો ભાજપે અહીંથી મોહન કુંડારિયાને ટિકિટ આપી હતી.

આ વખતે ભાજપે મોહન કુંડારિયાનું પત્તુ કાપી રૂપાલાને ટિકિટ આપી હતી. રાજકોટમાં ક્ષત્રિયોના વિરોધ પાછળ ભાજપનો જ આંતરિક જૂથવાદ પણ કામ કરતો હોવાનુ સામે આવ્યુ હતુ.

### પોરબંદરમાં ફરી કમળ ખીલ્યું

# પોરબંદર બેઠક પરથી મનસુખ માંડવિયાની મોટી લીડ સાથે જીત

## માંડવિયાની ૩.૮૦ લાખથી વધારે મતની લીડ સાથે જીત

પોરબંદર

લોકસભા ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. પોરબંદર બેઠક પરથી ભાજપ ઉમેદવાર મનસુખ માંડવિયાને મોટી જીત મળી છે. મનસુખ માંડવિયાને ૩૮૦૪૭૨ લીડ સાથે મોટી જીત મળી છે. જણાવી દઈએ કે, પોરબંદર લોકસભા બેઠક માટે ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થયું હતું.



પોરબંદરમાં સરેરાસ કુલ ૫૧.૮૩ ટકા મતદાન થયું હતું. વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે મતદાનની ટકાવારીમાં ધોરાજીમાં ૫૧.૮૯ ટકા, ગોંડલમાં ૫૨.૧૯ ટકા, જેતપુરમાં ૫૧.૫૪ ટકા, કેશોદમાં ૪૭.૦૩ ટકા, કુતિયાણામાં ૪૭.૫૫ ટકા, માણાવદરમાં ૫૩.૯૪ ટકા અને પોરબંદરમાં ૫૭ ટકા મતદાન થયું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભારતીય જનતા પાર્ટીએ આ બેઠક પરથી ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાને ટિકિટ આપી હતી. જોકે, કોંગ્રેસે લલિત વસોયાને મેદાનમાં ઉતાર્યા છે. આ લોકસભામાં કુલ ૧૭.૫૦ લાખ મતદારો છે, જેમાં ૯ લાખથી વધુ પુરૂષ અને ૮ લાખથી વધુ મહિલા મતદારો છે. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં વિઠ્ઠલ રાદડિયાએ રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના કાંધલ જાડેજાને ૨,૬૭,૯૭૧ મતોથી હરાવ્યા હતા. ૨૦૧૯માં અહીંથી ભાજપ તરફથી રમેશ ધડુક અને કોંગ્રેસ તરફથી લલિત વસોયા ઉમેદવાર હતા. જેમાં રમેશ ધડુક ૨ લાખથી વધુ મતોથી જીતીને સાંસદ બન્યા હતા.

# જૂનાગઢ બેઠક પર રાજેશ ચુડાસમાની સળંગ ત્રીજી જીત

જૂનાગઢ

લોકસભા ચૂંટણીનું આજે પરિણામ જાહેર થયું. જે અંતર્ગત જૂનાગઢ લોકસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાની સતત ત્રીજી વખત જીત હાસીલ થઈ હતી. રાજેશ ચુડાસમાએ પોતાની જીત બાદ જિલ્લાના વિકાસના કામ કરવા એ જ તેનું ડ્રીમ હોવાની વાત જણાવી હતી. જૂનાગઢની કૃષિ યુનિવર્સિટી ખાતે આજે વહેલી સવારથી મતગણતરી શરૂ થઈ હતી. રાજેશ ચુડાસમાએ પોતાની જીત બાદ મતદાતાઓનો આભાર માન્યો હતો અને જિલ્લાના વિકાસના નિરંતર કામો કરવા એ તેનું સપનું હોવાની વાત જણાવી હતી. રાજેશ ચુડાસમા સતત ત્રીજી વખત જૂનાગઢ લોકસભા બેઠક ઉપરથી ચૂંટાયા છે. બીજી તરફ કોંગ્રેસના હીરા જોટવાય પોતાની હાર સ્વીકારી હતી અને પ્રજાના નિર્ણયને શિરોમાન્ય જણાવ્યું હતું. ઉપરાંત હારની સમીક્ષા કરીશું તે વાત પણ તેઓએ જણાવી હતી.. આગામી દિવસોમાં પણ પ્રજાના કામ કરતા રહેશું તેવી વાત હીરા જોટવાએ જણાવી હતી. જૂનાગઢ લોકસભા બેઠક પર કુલ ૧૦ લાખ ૫૭ હજાર મત માંથી ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાને ૫ લાખ ૭૮ હજાર ૫૧૬ મત મળ્યા. જ્યારે કોંગ્રેસ ઉમેદવાર ૪ લાખ ૪૪ હજાર ૧૫૬ મત મળેલ. ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાએ ૧ લાખ ૩૪ હજાર ૨૬૦ મતથી જીત મેળવી હતી. નોટાને ૧૩ હજાર ૪૩૪ મત મળેલ હતા.

જુનાગઢ લોકસભા બેઠક સોરઠની અતિ મહત્વની બેઠક માનવામાં આવે છે ત્યારે ભાજપે ફરી અહીં ભગવો લહેરાવતા કોંગ્રેસની હાથ ફરી નિરાશા સાપડી હતી

### રાજકોટ મ્યુનિ.માં ભ્રષ્ટાચાર સાથે અધિકારીઓની મનમાની

# રાજકોટના ટી.પી.ઓ. સાગઠિયાએ ૧૨ વર્ષથી પોતાની મિલકતો જાહેર કરી નથી



રાજકોટ : રાજકોટ અગ્નિકાંડ બાદ મનપાનાં ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાની ધરપકડ કરી પુરાવા એકત્ર કરવા પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. દરમિયાન મનસુખ સાગઠિયાએ સરકારી નિયમની ઐસીતૈસી કરીને મહેકમ શાખા સમક્ષ ૨૦૧૨ પછી પોતાની મિલકતો જાહેર કરી ન હોવાનું જાણવા મળ્યું છે. રાજ્ય સરકારના આદેશ મુજબ, કેલેન્ડર વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન તમામ સરકારી કર્મચારીઓએ તેમની મિલકતો જાહેર કરવાની હોય છે. જેમાં કલેક્ટર, મહાનગરપાલિકાના કમિશનર કે પોલીસ કમિશનર જેવા ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા ક્લાસ વન અધિકારીઓ પણ બાકાત નથી. નાગરિકો આ મિલકતો જાણી શકે તે માટે વેબસાઈટ પર તે મુકવાની હોય છે. આ મુજબ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પણ આવી મિલકતો મુકવામાં આવે છે. પણ આ વેબસાઈટમાં ૨૦૧૭ પછી એકપણ અધિકારીએ તેની મિલકત જાહેર કરી જ નથી. વર્ષ ૨૦૧૭માં પણ રોશની વિભાગના એક અધિકારીની વિગત જ અપલોડ થઈ છે. રાજ્ય સરકાર દ્વારા વર્ગ ૩ અને ૪ને દર વર્ષને બદલે ૫ વર્ષે મિલકત જાહેર કરવાની છૂટછાટ આપી હતી. પણ બે વર્ષ પહેલા તેમાં ફેરફાર કરીને દર વર્ષે મિલકત જાહેર કરવાનો આદેશ કરાયો હતો. આ આદેશ પછી મહેકમ શાખા દ્વારા દર વર્ષ પરિપત્ર જાહેર કરીને કલાસ ૧થી લઈને ૪ સુધીના અધિકારીઓને મિલકત જાહેર કરવાની યાદી અપાય છે. પણ તેનો અમલ કોઈ કરતું નથી. સુત્રોના જણાવ્યા પ્રમાણે, કોર્પોરેશનનાં કોઈપણ અધિકારીએ ૨૦૧૭ પછી પોતાની વ્યક્તિગત કે વારસાગત મિલકત જાહેર કરી નથી. આ મામલે મહેકમ વિભાગના વડા સમીર ધડુકે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, આ તમામ માહિતીનો ડેટા મેન્યુઅલ છે અને હાલ પોલીસ તપાસ સહિત કામગીરી ચાલતી હોવાથી આ માહિતી આપવાનો સમય મળે તેમ નથી.અન્ય અધિકૃત સુત્રોના જણાવ્યા અનુસાર, નિયમાનુસાર દરેક કર્મચારીઓ દર વર્ષે મિલકત જાહેર કરે છે. પણ મહેકમ શાખા તેનું સંકલન કરતી નથી અને માત્ર પોટલા વાળી દેવાય છે. આ કારણે વેબસાઈટ પર આવી મિલકતોની વિગતો અપલોડ થતી નથી. અન્ય કેટલાક કર્મચારીઓ એમ પણ જણાવે છે કે, મિલકતોની આ વિગતમાં વ્યક્તિગત અને વારસાગત મિલકતોની વિગતો પણ આપવાની હોય છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL